# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-04-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર નેશનલ ન્યૂઝ

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- ✓ **લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આજે ઝડપી મતદાન થવાના અહેવાલ છે. આ તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની 88 લોકસભા મતવિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.**
- ✓ **લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.**
- ✓ **સર્વોચ્ચ અદાલતે આજે VVPAT રેકોર્ડ સાથે ઇવીએમ મશીન ડેટાના 100 ટકા ક્રોસ-વેરિફિકેશનની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી છે - 45 દિવસ સુધી ડેટા સુરક્ષિત રાખવાનો નિર્દેશ**
- ✓ **દુબઈમાં રમાઈ રહેલ 21મી એશિયન U20 એથ્લેટિક્સ ચૅમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ, 3 સુવર્ણ સહિત સાત ચંદ્રક જીત્યા.**
- ✓ **આઈપીએલ ક્રિકેટમાં આજે, કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે સાંજે 7:30 વાગ્યે થશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# 2 PHASE ELECTION (12 CLOCK)

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આજે ઝડપી મતદાન થવાના અહેવાલ છે. આ તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની 88 લોકસભા મતવિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં કેરળમાં 20, કર્ણાટકમાં 14, રાજસ્થાનમાં 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ, મધ્યપ્રદેશમાં છ, આસામ અને બિહારમાં પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને મણિપુરમાં એક-એક બેઠકનો સમાવેશ થાય છે.

મોટાભાગના મતવિસ્તારોમાં આજે સવારે 7 વાગ્યે મતદાન શરૂ થયું હતું અને સાંજે 6 વાગ્યે પૂર્ણ થશે. જો કે, ઉત્તર પૂર્વીય રાજ્યો અને ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારોમાં સમય બદલાયો છે.

દેશના વિવિધ ભાગોમાંથી અમારા સંવાદદાતાઓ અહેવાલ આપે છે કે વિવિધ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. યુવા અને મહિલા મતદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

કેટલાક અગ્રણી ઉમેદવારો કે જેમનું રાજકીય ભાવિ આજે EVMમાં સીલ થઈ રહ્યું છે તેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર, તેજસ્વી સૂર્યા, હેમા માલિની, અરુણ ગોવિલ અને ભાજપમાંથી ઓમ બિરલા, રાહુલ ગાંધી, શશિ થરૂર, કોંગ્રેસના ડીકે સુરેશ અને જેડીએસના કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીનો સમાવેશ થાય છે..

આ તબક્કામાં આઉટર મણિપુર લોકસભા મતવિસ્તારના ચાર ઉમેદવારો સાથે કુલ એક હજાર 202 ઉમેદવારો મેદાનમાં છે.

1.67 લાખ મતદાન મથકો પર 16 લાખથી વધુ મતદાન અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. બીજા તબક્કામાં લગભગ 16 કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પાત્ર છે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે

લગભગ 35 લાખ પ્રથમ વખત મતદારો આ તબક્કામાં મતદાન કરવા માટે નોંધાયેલા છે.

.................

## ELECTION COMMISSION VOTING SECOND PHASE

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આજે ઝડપી મતદાન થવાના અહેવાલ છે. આજે સવારે 11 વાગે મળતા અહેવાલ મુજબ ત્રિપુરામાં 36%થી વધુ, છત્તીસગઢમાં 35, મણિપુરમાં 33%, પશ્ચિમ બંગાળમાં 31%, મધ્યપ્રદેશમાં 28, અસમ 27% થી વધુ, જમ્મુ-કાશ્મીર અને રાજસ્થાનમાં 26-26 ટકાથી વધુ, કેરલમાં 25 ટકાથી વધુ, ઉત્તર પ્રદેશમાં 24 ટકાથી વધુ, કર્ણાટકમાં 22% થી વધુ,

બિહારમાં 21 ટકાથી વધુ, મહારાષ્ટ્રમાં 18 ટકાથી વધુ મતદાન થવાના અહેવાલો મળ્યા છે.

.................

## PM-VOTING MSG- THAKUR-ELECTIONS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકોને લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ યુવા અને મહિલા મતદારોને મોટી સંખ્યામાં મતદાન મથકો પર આવવા અપીલ કરી. તેમણે કહ્યું કે, વધુ મતદાન ટકાવારી દેશની લોકશાહીને મજબૂત બનાવે છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે લોકસભા ચૂંટણીના બીજા તબક્કાની તમામ બેઠકોના મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે.

.................

## *LS POLL 5TH PHASE NOTIFICATION*

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે આજે જાહેરનામું બહાર પડવાની સાથે જ ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થઇ ગઇ છે.

આ તબક્કામાં 6 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોની 49 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે.

આ પાંચમા તબક્કામાં ઉત્તરપ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની 7, ઓડિશા અને બિહારની પાંચ-પાંચ, ઝારખંડની ત્રણ અને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની એક-એક બેઠકો પર મતદાન થશે. 3જી મે સુધી ઉમેદવારી નોંધાવી શકાશે. આ તબક્કા માટે 20મી મેના રોજ મતદાન થશે.

.................

## *SC-VVPAT*

ભારતની સર્વોચ્ચ અદાલતે આજે VVPAT રેકોર્ડ સાથે ઇવીએમ મશીન  ડેટાના 100 ટકા ક્રોસ-વેરિફિકેશનની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી છે. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે આ ચુકાદો સંભળાવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે  લાંબાગાળાની સુનાવણી બાદ આ કેસનો ચૂકાદો  18 એપ્રિલે અનામત રાખ્યો હતો..ત્યારબાદ સર્વોચ્ચ અદાલતે  24 એપ્રિલના રોજ કેસને ફરી  સૂચિબદ્ધ કર્યો હતો.. આ કેસમાં બેન્ચને ચૂંટણી પંચ પાસેથી કેટલીક  સ્પષ્ટતાઓની જરૂરિયાત હતી.. ચૂંટણી પંચ  દ્વારા આપવામાં આવેલા જવાબોને ધ્યાનમાં લઈને આજે આ

આદેશો જાહેર કરવામાં આવ્યા હતા અને તમામ અરજીનોને ફગાવી દીધી હતી..ચુકાદો જાહેર કરતાં ન્યાયમૂર્તિ ખન્નાએ કહ્યું કે ફરી બેલેટ પેપર દ્વારા વોટિંગ કરાવવાની, EVM-VVPAT ચકાસણી પૂર્ણ કરવાની અને મતદારોને VVPAT સ્લિપ આપવા માટેની તમામ અરજીઓ નકારી કાઢવામાં આવી છે. જોકે સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચ માટે બે નિર્દેશો પસાર કર્યા હતા. કોર્ટે કહ્યું કે EVMમાં સિમ્બોલ લોડ થયા બાદ સિમ્બોલ લોડિંગ યુનિટને સીલ કરીને કન્ટેનરમાં સુરક્ષિત રાખવું જોઈએ. ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓએ સીલ પર સહી કરવી પડશે. સીલબંધ કન્ટેનર પરિણામોની જાહેરાત પછી ઓછામાં ઓછા 45 દિવસ માટે EVM સાથે સ્ટોર રૂમમાં રાખવામાં આવશે. પાંચ ટકા ઈવીએમમાં બળી ગયેલી મેમરી સેમિકન્ટ્રોલરની ચકાસણી એન્જિનિયરોની ટીમ દ્વારા કરવામાં આવશે.

.................

## *WB- MALADA - PM RALLY*

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે માલદામાં પક્ષના ઉત્તર માલદા અને દક્ષિણ માલદાના ઉમેદવારોના સમર્થનમાં જાહેર રેલીને સંબોધી હતી.

તેમણે શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના ભ્રષ્ટાચાર તરફ ધ્યાન દોર્યું. તેમણે કહ્યું કે, TMCના ખોટા વહીવટને કારણે, રાજ્યમાં શાળા સેવા આયોગ -SSC ભરતીમાં મોટી સંખ્યામાં ઉમેદવારોએ તેમની નોકરી ગુમાવી છે. તાજેતરમાં કોલકાતા હાઈકોર્ટે SSC 2016ની ભરતી રદ કરી છે.

સીબીઆઈ, શિક્ષકોની ભરતી કૌભાંડની તપાસ કરી રહી છે. આરોપ છે કે શાસક પક્ષના નેતાઓએ SSC ભરતી હેઠળ નોકરી આપવા માટે પૈસા લીધા છે.

શ્રી મોદીએ કહ્યું છે કે તૃણમૂલ કોંગ્રેસના શાસનમાં મહિલાઓ સુરક્ષિત નથી અને સંદેશખાલીએ તે સાબિત કરી દીધું છે. તેમણે આરોપ લગાવ્યો કે માલદામાં મહિલાઓએ પણ ટીએમસીના કુશાસનનો સામનો કરવો પડ્યો હતો.

તેમણે આરોપ લગાવ્યો કે ટીએમસીએ કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ લાગુ કરી નથી અને જો ભાજપ સત્તામાં આવશે તો માલદાના લોકો મોદી સરકારનો વિકાસ જોશે. તેમણે કહ્યું કે, જો બંગાળ પાછળ રહેશે તો ભારત આગળ નહીં વધી શકે.

.................

## *WB- MAMATA-JOBS CANCELLATION*

TMC અધ્યક્ષ અને પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી મમતા બેનર્જીએ 25,000 થી વધુ શાળામાં નોકરીઓ રદ કરવા પર ચિંતા વ્યક્ત કરી છે, તેને ઘોર અન્યાય ગણાવ્યો છે. ગઈકાલે પશ્ચિમ મેદિનીપુર જિલ્લાના મેદિનીપુર લોકસભા મતવિસ્તારમાં એક ચૂંટણી રેલી દરમિયાન, તેમણે આરોપ મૂક્યો હતો કે આ નોકરી ગુમાવનારાઓને ચૂંટણી ફરજમાં તૈનાત થવાથી રોકવા માટે ભાજપ દ્વારા ઇરાદાપૂર્વકની યુક્તિ છે.

.................

## *TELANGANA CHARGESHEET*

તેલંગાણામાં 13 મેની લોકસભાની ચૂંટણી પહેલા, કોંગ્રેસે એક ચાર્જશીટ જાહેર કરી  છે જેમાં કેન્દ્રમાં ભાજપની આગેવાનીવાળી સરકારે રાજ્યને અન્યાય કર્યો હોવાનો આરોપ લગાવ્યો છે.. ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો છે કે તેલંગણાને ફંડ ઓછુ અપાયુ, કૃષ્ણા નદીમાં પાણીની ફાળવણી, મેડિકલ કોલેજોને મંજૂરી નથી અપાઇ, IIM અને IIITમાં અન્યાય કરવામાં આવ્યો છે. પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને મુખ્યમંત્રી એ. રેવન્ત રેડ્ડીએ ગઈકાલે હૈદરાબાદમાં મંત્રીઓ અને પક્ષના વરિષ્ઠ

નેતાઓની હાજરીમાં ચાર્જશીટ જાહેર કરી હતી... આ આરોપનામામાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે ભાજપ સ્વિસ બેંકોમાં પડેલું કાળું નાણું પાછું લાવવામાં અને નોકરીઓ આપવામાં નિષ્ફળ રહી છે.

.................

## *ASIAN U20 ATHLETICS*

દુબઈમાં રમાઈ રહેલ 21મી એશિયન U20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ, 3 સુવર્ણ સહિત સાત ચંદ્રક જીત્યા.

ચેમ્પિયનશિપના બીજા દિવસે, ભારતીય ખેલાડીઓએ પુરુષો અને મહિલાઓની 3000 મીટર સ્ટીમ્પલ્સ ચેઝ ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. એકતા દેએ મહિલાઓની 3000 મીટર સ્ટિકલફેસ સ્પર્ધામાં લગભગ દસ મિનિટ અને 31 સેકન્ડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તે જ સમયે, રણવીર સિંહે પુરુષોની સ્પર્ધામાં અંદાજે નવ મિનિટ અને 23 સેકન્ડમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ પહેલા અનુરાગ સિંહ કાલેરે પુરુષોની શોટ પુટ ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.
ભારતીય ખેલાડીઓએ આજે કુલ સાત ચંદર્કો જીત્યા છે.

---------------------------------------

## *REV. NT. IPL CRICKET*

આઈપીએલ ક્રિકેટમાં આજે, કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે સાંજે 7:30 વાગ્યે થશે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઇકાલે સનરાઈઝર્સ હૈદરાબાદને 35 રનથી હરાવ્યું. 207 રનના ટાર્ગેટનો પીછો કરતા સનરાઇઝર્સ હૈદરાબાદ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 171 રન બનાવી શકી હતી.

.................